ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રૂપાણી સરકારની ત્રીજી વર્ષગાંઠ ઉજવાશે

**નિર્ણાયક નેતૃત્વના નિર્ણાયક ત્રણ વર્ષ : રાજ્ય સુશાસનના ત્રણ વર્ષની ઉજવણી નિમિત્તે ''સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર'' કાર્યક્રમ : મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની પ્રેરક ઉપસ્થિતિ : વિવિધ જનહિત લક્ષી મહત્વપૂર્ણ કાર્યક્રમોનો શુભારંભ**



ગાંધીનગર, તા. ૬

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર આજે ત્રણ વર્ષ સફળતાપૂર્વક સંપન્ન કરી ચોથા વર્ષમાં પ્રવેશ કરે છે. ત્યારે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે અનેક લોકકલ્યાણકારી યોજનાઓની જાહેરાત કરાશે. વિજયભાઈ રૂપાણી અને નિતીનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે અનેક અસરકારક નિર્ણયો કરી જનમાનસમાં સબળ નેતૃત્વનો ભાવ સ્થાપિત કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના નિર્ણાયક નેતૃત્વના નિર્ણાયક ત્રણ વર્ષ આજે તા. ૭ ઓગસ્ટે પૂર્ણ થઈ રહ્યા છે.

રાજ્ય સુશાસનના ત્રણ વર્ષની ઉજવણી નિમિત્તે આવતીકાલ તા. ૭ ઓગસ્ટ-૨૦૧૯ને બુધવારના રોજ ''સંકલ્પ સે સિદ્ધિ કી ઓર અગ્રેસર'' કાર્યક્રમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે બપોરે ૧ કલાકે યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર



ભવ્ય પ્રકૃતિ દર્શન - પાટનગરના પાદરમાં પ્રકૃતિના ભવ્યાતિભવ્ય દર્શન સતત થતા રહ્યા છે... હરિયાળા વૃક્ષો હોય કે વહેતુ સાબરમતીનું ઝરણું હોય... કલરવ કરતા પક્ષીઓ હોય... કે ઘેઘુર વડલા કે લીમડા હોય... પ્રકૃતિનો અસીમ વૈભવ ગાંધીનગરની આસપાસ વેરાયો છે... સાબરમતીના તટ પર પાણીના વહેણમાં કેવા સુંદર પક્ષીઓ તરસ છીપાવવા ઉમટ્યા છે... આ દૃશ્ય જોવાની દૃષ્ટિ કેળવાય જાય તો પ્રકૃતિની અનુભૂતિ અંતરના ઉંડાણમાં છવાઈ જાય... સીક્સલેન પર ટ્રાફીકના કોલાહલમાંથી નિર્દોષ પક્ષીઓના કલરવને માણવાનો સમય પણ જીવનનો ભાગ બનવો જોઈએ...

# પાટનગરને સમકક્ષ ટ્રેઈન સેવા ઉપલબ્ધ કરવા કોર્પોરેશન ઠરાવ કરે

**ખોડિયાર જંકશનથી કલોલ થઇને પસાર થતી ૪૦ જેટલી ટ્રેઇન વાયા ગાંધીનગર દોડાવવા મહાનગરપાલિક સર્વાનુમતે ઠરાવ કરી રેલવે મંત્રાલયને રજુઆત કરે તેવી મહામંડળની રજુઆત**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર રેલેવે સ્ટેશન પર હજુ સુધી જરૂરી ટ્રેઈનો લંબાવાની વાત હજુ સાકાર થઈ નથી. કેપટિલ સ્ટેશન પર હાલ સાત ટ્રેઈનની રોજ અવરજવર થાય છે. પરંતુ કલોલ થઈને પસાર થતી અન્ય ૪૦ જેટલી ટ્રેઈનને વાયા ગાંધીનગર દોડાવવા કોઇ આયોજન થતુ નથી. આ મામલે કોર્પોરેશન દ્વારા પણ સર્વાનુમતે ઠરાવ કરી રેલવે મંત્રાલય સુધી રજુઆતને પહોંચાડવા માટે પગલા લેવાય તેવી માંગણી પણ કરવામાં આવી છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન પર દાયકાઓના અંતે પણ હજુ પુરતી ટ્રેઈન સુવિધા ઉપલબ્ધ થઈ નથી. હાલ વર્ષોની રજુઆતના અંતે રોજબરોજ ૭ જેટલી ટ્રેઈનની અવરજવર રહે છે. દેશના અન્ય રાજયોના પાટનગર સમકક્ષ સ્ટેશન કાર્યરત કરવા માટે નવી ટ્રેઈન પણ કેપિટલ સ્ટેશનને ફાળવવામાં આવે તે અંગે પણ અવારનવાર માંગણી કરવામાં આવી રહી છે. જયારે કલોલ થઈને દોડતી ૪૦ જેટલી ટ્રેઈન પણ વાયા ગાંધીનગર કરવામાં આવે તેવી પણ રજુઆત કરવામાં આવી છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે મેયરને કરેલી રજુઆતમાં વધુમાં જણાંવ્યુ હતુ કે ટ્રેઈન સેવાનો વ્યાપ વધારવા માટે નગરની ૧૧ યુનિવર્સિટી સહીત વિવિધ સંસ્થાઓ દ્વારા પણ રેલવે મંત્રાલયને પત્રો લખવામાં આવ્યા છે. જયારે મહાનગરપાલિકા કક્ષાએથી પણ આ મામલે સર્વાનુમતે ઠરાવ કરીને કલોલથી ડાયવર્ટ થતી ૪૦ જેટલી ટ્રેઈનને વાયા ગાંધીનગર દોડાવવા મટે રેલવે મંત્રાલયને રજુઆત કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

# પી.પી.પી. મોડેલ પર ૫૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં આવશે

**સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના સૂચિત સ્થળની મંત્રી કુંવરજી બાવળિયાએ મુલાકાત લીધી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના ગંદા પાણીને રીટ્રીટ કરી વપરાશમાં લેવા માટે પી.પી.પી. મોડેલથી આકાર પામનાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સૂચિત સ્થળની આજે રાજયના પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ મુલાકાત લીધી હતી.

હાલમાં ૧૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જયાં ચાલી રહ્યો છે ત્યાં જ ૫૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ નિર્માણ કરવામાં આવનાર છે. આ માટેના ટેન્ડરીંગની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

મંત્રીએ ૧૦ એમ.એલ.ડી. પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને નવા પ્લાન્ટ અંગે અધિકારીઓ સાથે વિગતો મેળવી તેની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે પી.પી.પી. મોડેલથી બનનારા આ પ્લાન્ટનું ટ્રીટેડ વૉટર જી.ઈ.બી., જી.આઈ.ડી.સી. તેમજ સેન્ટ્રલ વિસ્ટા અને અન્ય જાહેર ઉદ્યોગોને વેચાણથી આપવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# જળશક્તિ અભિયાનનો તંત્રએ મિશન મોડ પર મુક્યુ

**દેશમાં ૬૩મા સ્થાને જિલ્લાનું સ્થાન આવતાં બેઠકોનો સિલસિલો આરંભાયો**

ગાંધીનગર, તા. ૬

જળશક્તિ અભિયાનની કામગીરીને તંત્રએ મિશન મોડ પર હાથ ધરી છે. કેન્દ્ર સરકાર દ્વારા કરાઈ રહેલ મૂલ્યાંકનમાં જિલ્લો ૬૩મા સ્થાને હોવાથી તંત્રે હવે આ કામગીરી મિશન મોડ પર હાથ ધરી અને બેઠકોનો સિલસિલો શરૂ કર્યો છે.

જળશક્તિ અભિયાન અંતર્ગત સીમ તલાવડી અને ગામનું પાણી ગામમાં રાખવાની યોજનાઓ કાર્યાન્વીત કરવાની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પાણીના સ્ત્રોત તરીકે વપરાતા મૃતઃપ્રાય બનેલા કુવાઓને પણ પુનઃ જીવીત કરી અને જળસંચયને અગ્રિમતા આપવા માટે આજે તાકીદ કરવામાં આવી છે.

ગઈકાલે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ અભિયાનની સમીક્ષા કર્યા બાદ આજે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આ કામગીરીને મિશન મોડ પર મુકવાની તાકીદ કરી હતી.

તાલુકા વિકાસ અધિકારીઓ, ગ્રામ વિકાસ એજન્સી તેમજ પંચાયતની વિવિધ શાખાના અધિકારીઓ અને પાણી પુરવઠા, વાસ્મો તેમજ સિંચાઈના અધિકારીઓની યોજાયેલી સંયુક્ત બેઠકમાં રાવલે કહ્યુ હતુ કે વૉટર શેડ તેમજ મનરેગા અંતર્ગત જે ૧૧૧ જેટલા કામો હાથ ધરવાના છે તેને વહીવટીય અને તાંત્રિક મંજૂરી બે દિવસમાં આપી અને બધા જ કામો શરૂ થઈ જાય તે જોવાશે. હાલ જિલ્લામાં આ ૧૧૧ કામો પૈકી ૮૦ જેટલા કામો ચાલુ હોવાનું અધિકારીઓએ જણાવ્યુ હતુ.

તેમણે વૉટર હાર્વેસ્ટીંગના કામો પર વિશેષ ભાર મુકી અને ખેત તલાવડી તેમજ પંચાયતની જે મિલ્કતો છે ત્યાં આ કામો ઝડપથી શરૂ થાય તે અત્યંત જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે સ્ટેશન સહીત સેકટરોમાં સરક્યુલર રૂટમાં સ્થાનિક બસ દોડાવો

**શહેર વસાહત મહામંડળ દ્વારા શહેરના સેકટરોમાં શોપિંગ , દવાખાના તેમજ ધાર્મિક સ્થળો માટે પણ વરિષ્ઠ નાગરિકો તેમજ મહીલાઓને સ્થાનિક બસ સેવાનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા રજુઆત**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં મહાનગર પાલિકા દ્વારા સંચાલિત શહેરી બસ સેવાને શહેરના સરક્યુલર રૂટમાં દોડાવવા તેમજ રેલવે સ્ટેશન અવરજવર કરવા માટે મુસાફરોને બસ સેવા મળી રહે તેવુ આયોજન કરવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા મેયરને રજુઆત કરવામાં આવી છે. સ્ટેશન પર સીટી બસ સેવાના અભાવે મુસાફરો પાસેથી રીક્ષા ચાલકો બેફામ ભાડા વસુલી રહ્યા છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ શહેરના સે-૧ થી ૩૦ માં શહેરી બસ સેવાનો યોગ્ય રૂટ ગોઠવી સરક્યુલર રૂટમાં દોડે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તે અનિવાર્ય છે. શહેરના શોપિંગ સેન્ટર , રેલવે સ્ટેશન, દવાખાના સુધી નગરજનો બસ સેવા મળે તેવુ આયોજન થાય તેવી પણ આમ નાગરિકોની માંગ છે. કેપિટલ સ્ટેશન પર અવરજવર કરતી સાત જેટલી ટ્રેઈનના લીધે મુસાફરોની અવરજવર પણ વિશેષ રહે છે. જેને ધ્યાને લઈ સ્ટેશનથી બસ સેવા ઉપલબ્ધ થાય તેવુ આયેજન કરવુ પણ અનિવાર્ય છે. હાલ આ બસ સેવાના અભાવે મુસાફરોએ રીક્ષા ચાલકોને તગડુ ભાડુ ચુકવવુ પડે છે. નગરના વરિષ્ટ નાગરિકો , મહીલાઓ તેમજ વિદ્યાર્થીઓને સ્થાનિક બસ સેવાનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા પણ મહામંડળ દ્વારા મેયર રીટાબેન પટેલને રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિક સ્થળોએ અવરજવર કરવા માટે પણ સ્થાનક બસના રૂટ ગોઠવાય તે મુજબનુ આયોજન કરવા પણ રજુઆતમાં જણાવાયુ છે.

# શાળાઓમાં પ્રત્યેક વિદ્યાર્થીને વૃક્ષ ઉછેરની પ્રવૃતિમાં જોડવા સુચના

**વિદ્યાર્થીઓ ગ્રીન સીટીને કન્સેપ્ટને વેગ આપવા જોડાય : પ્રત્યેક વિદ્યાર્થી એક નવા રોપાની વાવણી કરે**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર જિલ્લાની દરેક શાળામાં પ્રત્યેક વિદ્યાર્થીઓ દ્વારા ફરજિયાત એક વૃક્ષ ઉછેરવા માટેનુ આયોજન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાના આચાર્યોને સુચના આપી છે. જિલ્લાની તમામ ગ્રાન્ટેડ અને ખાનગી શાળાના આચાર્યોને જણાવાયુ છે. જયારે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ વૃક્ષારોપણ અન્વયે રોપાઓની યોગ્ય જાળવણી અને ઉછેર થાય તેની પણ તકેદારી રાખવા પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગરને હરિયાળુ બનાવવા માટે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. વનતંત્ર દ્વારા પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરમાં નવા રોપાઓની વાવણી માટે ખાડાઓ ખોદવામાં આવ્યા હતા. જયારે વરસાદના અંતે નવા રોપાઓની વાવણી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં પણ હરિયાળી વધારવા માટે વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યુ છે. વનતંત્ર દ્વારા નર્સરીમાંથી રોપાઓનુ વિતરણ શરૂ કરી દેવાતા નાગરિકો પણ નવા રોપાઓ મેળવી વૃક્ષારોપણને પ્રોત્સાહીત કરી રહ્યા છે. શહેરમાં સંસ્થાઓ દ્વારા પણ નવા હરિયાળા વૃક્ષો ઉછેરવા માટે રોપાઓની વાવણી કરવામાં રહી છે. ત્યારે નગરની શાળાઓ પણ આમાંથી બાકાત ન રહે તે માટે જિલ્લાની પ્રત્યેક સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં વૃક્ષારોપણની પ્રવૃતિને વેગ આપવા માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સુચના આપવામાં આવી છે. જિલ્લાની પ્રત્યેક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવે તે માટે જરૂરી માર્ગદર્શન અને આયોજન કરવા માટે પણ ડી ઈ ઓ એ આચાર્યોને સુચના આપી છે. ગ્રીન ગાંધીનગરના કન્સેપ્ટને વેગ આપવા માટે હાલ વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી માટે વનતંત્ર સહીત સંસ્થાઓ અને આમ નાગરિકો પણ જાગૃત બની ઉત્સાહપુર્વક વૃક્ષારોપણ કરી રહ્યા છે. ત્યારે શાળાના વિદ્યાર્થીઓ પણ આમાંથી બાકાત ન રહે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આચાર્યોને જણાંવાયુ છે. વૃક્ષારોપણ બાદ નવા રોપાઓની જાળવણી માટે યોગ્ય મોનીટરીંગ કરવા પણ વ્યવસ્થા ગોઠવવા માટે આયોજન કરવા પણ જણાંવાયુ છે.

# શહેરમાં શ્રાવણના સરવરિયા

**આકાશમાં વાદળોનો ઘેરાવો : મેઘરાજાનો વિચિત્ર મિજાજ : આકાશમાં ઘેરાયેલા ઘનઘોર વાદળો કયાંક કયાંક માત્ર છાંટણા વરસાવે છે : વરસાદની લુપાછુપી : મહત્તમ તાપમાન ઉંચકાતા વાતાવરણમાં ફરી ઉકળાટ**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં હજુ સિઝનનો પુરતો વરસાદ થયો નથી.અષાઢ કોરો જતા શ્રાવણના પ્રારંભે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીએ સર્વત્ર પાણી પાણી કરી દીધુ હતુ. પરંતુ છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ માત્ર ખુંણે ખાંચરે છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ જાય છે. કેટલાક સેકટરોમાં શ્રાવણના સરવરિયા વરસાવતા મેઘરાજાનો મિજાજ પણ કાંઇક અલગ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૭ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ગત શનિવારે વરસાદની ધમાકેદાર એન્ટ્રી બાદ છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે છુટાછવાયા વરસાદી છાંટણા વરસી રહ્યા છે. જયોર વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે આજે નગરજનોએ બફારો પણ અનુભવ્યો હતો. જયારે મહત્તમ તાપમાન પણ ૦.૪ ડીગ્રી ઉંચકાયુ હતુ. વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો નિખરે છે. પરંતુ ત્રણ ઈંચ વરસાદ વરસ્યા બાદ નગરજનો હજુ ભારે વરસાદ વરસે તેની વાટે છે. શહેરમાં રોજબરોજ વરસાદી વાતાવરણ નિખરે છે. સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદનો માહોલ જોવા મળે છે. આકાશમાં કાળા ડીંબાંગ વાદળોના ઘેરાવા સાથે વરસાદ ગમે ત્યારે વરસશે તેવી આશ સાથે નગરજનોની નજર આખો દિવસ આકાશ તરફ મંડરાયેલી રહે છે .બીજીતરફ એક સેકટરમાં ભારે ઝાપટુ વરસાવતા મેઘરાજા બીજા સેકટરમાં હાજરી પણ પુરવતા ન હોય તેવી સ્થિતિ પણ વરસાદન વિચિત્ર મિજાજનો પરચો આપી રહી છે. આજે પણ દિવસ દરમિયાન શહેરમાં કેટલાક ઠેકાણે



વરસાદી ઝાપટા પડયા હતા. બપોરના સમયે જુના સેકટરો બાજુ વરસાદનુ ઝાપટુ વરસતા પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. જયારે નવા સેકટરોમાં વરસાદ દેખાયો ન હતો. સાંજના સમયે પણ વરસાદ અંધાર્યો હતો. પરંતુ વરસ્યો ન હતો. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખરે છે. વરસાદી વાદળો વચ્ચે સુરજદાદા પણ આકાશમાં સંતાકુકડી રમી રહ્યા છે.ત્યારે હજુ શ્રાવણના પ્રારંભે સિઝનનો પુરતો વરસાદ થયો નથી. શ્રાવણના સરવરિયા વરસાવતા મેઘરાજા ફરી ધોધમાર વરસે તેની વાટ જોવાઈ રહી છે.

# જિલ્લા શિક્ષણ સમિતિએ પોતાની વેબસાઈટ બનાવી વહીવટીય પ્રક્રિયાનું સરળીકરણ કર્યુ

ગાંધીનગર, તા. ૬

પેપરલેસ એડમીનીસ્ટ્રેશન બનાવવાના સરકારના સંકલ્પને સાકાર કરવા માટે શિક્ષણ સમિતિએ હવે પોતાની વેબસાઈટ લોંચ કરી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની ઉપસ્થિતિમાં આ વેબસાઈટ લોંચ કરાઈ હતી. આ આમ તો પાયલોટ પ્રોજેક્ટ છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ કહ્યું છે.

આ વેબસાઈટ પરથી ૧૯ જેટલી શાળા અંગેની વિગતો એક ક્લીક પરથી ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત ખાસ કરીને શિક્ષકને પગાર સ્લીપ, વર્ષના પગારનો હિસાબ, જી.પી.એફ.નો હિસાબ, લાસ્ટ પે સર્ટિફિકેટ, સર્વીસ બુક ઓનલાઈન જોવા મળશે.

આ ઉપરાંત મકાન પેશગી ફોર્મ, લીંક ઈન્સ્યોરન્સ ફોર્મ, ઉચ્ચ અભ્યાસ માટે એન.ઓ.સી. ફોર્મ, સી.પી.એફ. કાતુ ખોલાવવા અંગેનું ફોર્મ, ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્ત, વધુમાં માંગણીથી બદલીની અરજી, વારસદાર દ્વારા જીપીએફના ઉપાડનું ફોર્મ, જીલ્લાફેર બદલીનું ફોર્મ પણ આ વેબસાઈટ પર ઉપલબ્ધ બનશે.

પ્રસુતિની રજા પર જવા માટેનું ફોર્મ, પ્રસુતિ રજા મંજુર દરખાસ્ત ફોર્મ, સ્વૈચ્છીક નિવૃત્તિની દરખાસ્તનું ફોર્મ, પેન્શન કેસ સહિતની વિગતો આ વેબસાઈટને ક્લીક કરવાથી ઉપલબ્ધ થશે.

પાયલોટ પ્રોજેક્ટ અમલી બનતાં જ જિલ્લાના વહીવટનું સરળીકરણ થશે તેમજ નાની વાતોને લઈ શિક્ષકોને જિલ્લામથકના ધક્કા બચી જશે.

આ પ્રોજેક્ટને કારણે પે બિલની કામગીરીનું પણ સરળીકરણ થશે અને તે ઝડપી બનશે. જિલ્લામાં કમાન્ડ એન્ડ કંટ્રોલના પ્રોજેક્ટ અમલીકરણ પછી વહીવટીય સરળતાનો આ નવો પ્રોજેક્ટ અમલી બનતાં હવે તંત્ર ગુણવત્તાસભર શિક્ષણ માટે વધુ સક્રિય બનશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ પ્રોજેક્ટમાં શાળાના રિપોર્ટમાં ગુણોત્સવનો ગ્રેડ, વિદ્યાર્થીઓનું જ્ઞાન વૃદ્ધિપત્રક, પડતર પ્રશ્નો સહિતની વિગતો પણ ઉપલબ્ધ થતાં તંત્રને આયોજનમાં સરળીકરણ રહેશે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com